# અરવલ્લી જિલ્લાનો વિકાસ થશે : ટોક ઓફ ધ ડીસ્ટ્રીક્ટ

## ગુજરાતમાં ભાજપની સરકાર જિલ્લાની ત્રણ બેઠક પર કોંગ્રેસના ધારાસભ્યનો કબ્જો

અરવલ્લી જિલ્લાએ ભાજપ સરકારની તમામ ગણતરીઓ ઉંધી પાડી દીધી હતી. ભાજપ પક્ષ દ્વારા ત્રણ બેઠકો પર ભારે મનોમંથન કર્યા બાદ ઉમેદવારો પર પસંદગી ઢાળી પ્રચાર-પ્રસારમાં એડીચોટીનું જોર લગાવવા છતાં જિલ્લામાં ૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણીનું પુનરાવર્તન થતા કોંગ્રેસ ત્રણે બેઠકો પર વિજેતા બની કબ્જો જમાવતા ભાજપ આગેવાનોમાં સોપો પડી ગયો છે. તો હવે આ જિલ્લાના તમામ ધારાસભ્ય કોંગ્રેસના હોય ત્યારે આ જિલ્લાનો વિકાસ થશે કે કેમ તેવા લોકોમાંથી પ્રશ્નો ઉઠી રહ્યા છે. અરવલ્લી જિલ્લાને ચાર વર્ષ થવા આવ્યા છતાં જિલ્લાની વિકાસની ગાડી પાટા પર ચડવા મથામણ કરતી હોય તેમ વિકાસ ઝંખી રહ્યો છે.

થોડા સમય પહેલા યોજાયેલી વિધાનસભાની ચૂંટણીના પરિણામો ભાજપ માટે માઠા સમાચાર લઈને આવ્યા હતા. જિલ્લાના તમામ ભાજપના ઉમેદવારોએ હારનો સ્વાદ ચાખતા આગેવાનો અને કાર્યકરોમાં સોપો પડી ગયો છે. આ વખતે ભાજપ પક્ષે મોડાસા અને બાયડ વિધાનસભા બેઠક પર ક્ષત્રિય મતદારોને ધ્યાને રાખીને બંને બેઠક પર ક્ષત્રિય ઉમેદવારોને ટિકિટ આપી હતી. તો ભિલોડા (અનુ.જન.જાતિ) અનામત બેઠક પર કબ્જો જમાવવા છોટા ઉદેપુરના પૂર્વ એસ.પી. પી.સી. બરંડાને મેદાને ઉતાર્યા હતા. પરંતુ મતદારોએ અરવલ્લી જિલ્લાની વિકાસ માટે સતત અવગણના કરવામાં આવતા સહીત અનેક ફેક્ટરોને ધ્યાને રાખી ભાજપ પર રોષ ઉતારતા ભાજપના તમામ ઉમેદવારોની હાર થઈ હતી. જોકે રાજ્યમાં ભાજપની સરકાર બની છે ત્યારે રાજ્ય સરકાર અરવલ્લી જિલ્લાના વિકાસના દ્વાર ખોલશે કે પછી આ જિલ્લામાં ભાજપના કોઈ ધારાસભ્ય ન હોવાથી રાજ્ય સરકાર ઓરમાયું વર્તન રાખશે ? હાલ તો અરવલ્લી જિલ્લો વિકાસની દ્રષ્ટિએ પાછળ રહી જવા પામ્યો છે અને અનેક સુવિધાઓ માટે ઝંખી રહ્યો છે ત્યારે જિલ્લાના વિકાસ માટે કોંગી ધારાસભ્યોની રજુઆત ધ્યાને લાવશે કે કેમ ? તેવા જિલ્લાના પ્રજાજનો ચર્ચા ઉઠી છે તદુપરાંત અરવલ્લી જિલ્લાને વિકાસથી વંચિત રાખશે તો આગામી સમયમાં યોજાનાર સ્વરાજ્યની ચૂંટણીઓ સહીત લોકસભાની ચૂંટણીઓમાં પણ ભાજપની કારમી હાર ભોગવવાની તૈયારી રાખવી પડશે તેમ લોકો જણાવી રહ્યા છે.



**પાલનપુર ખાતે કલેક્ટરને આવેદનપત્ર આપતો વાલ્મિકી સમાજ**

ફિલ્મી અભિનેતા સલમાન ખાન અને શિલ્પા શેટ્ટીએ વાલ્મિકી સમાજની લાગણી દુભાવતી કરેલી ટિપ્પણીના રાજ્યભરમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. ત્યારે પાલનપુર ખાતે પણ વાલ્મિકી સમાજે કલેક્ટરને આવેદનપત્ર પાઠવી ન્યાયની ગુહાર લગાવી હતી. બંને ફિલ્મી કલાકારોએ વાલ્મિકી સમાજની લાગણી દુભાય તેવા અપમાનિત શબ્દો ઉચ્ચારતા વાલ્મિકી સમાજ ખફા થયો છે. ત્યારે આજે પાલનપુર ખાતે દોડી આવેલા વાલ્મિકી સમાજે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. જેમાં વાલ્મિકી સમાજે ચીમકી આપી હતી કે, જો યોગ્ય કાર્યવાહી નહિ થાય તો જિલ્લાના ૧,૨૫૦૦૦ વાલ્મિકી આમરણાંત ઉપવાસ ઉપર ઉતરશે.

# ભિલોડા તાલુકાના જોધપુર ગામમાં જમીનની અદાવતમાં જાનથી મારી નાખવાની ધમકી

ભિલોડા,તા.૨૩

ભિલોડા તાલુકાના જોધપુર ગામમાં જમીનની અદાવત સંદર્ભે અદાવત રાખી જાનથી મારી નાખવાની ધમકી ઉચ્ચારતાં મામલો ગરમાયો હતો ત્યારે જીવલેણ હુમલો કરાયો હતો.

જર, જોરૂ, જમીન ત્રણેય કજીયાનું છોરૂ કહેવત અનુસાર જોધપુર ગામમાં જમીન બાબતેની અદાવત રાખી જીવલેણ હુમલો કરાતાં ચકચાર મચી જવા પામી છે.

ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ.ના જણાવ્યા મુજબ જોધપુર ગામના સંજયભાઈ ડામોરએ હાથમાં લાકડી લઈ આવી ઈન્દુબેન ડામોરને કહ્યું કે અમારા રસ્તામાંથી કેમ જાય છે તેમ કહી તું તો ડાકણ છે તેમ કહી બિભત્સ અપશબ્દો બોલી જમીનની અદાવતમાં જગદીશભાઈ ડામોરએ ખીમજીભાઈ ડામોરના માથાના ભાગે પાવડાની મુદર મારી જીવલેણ હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. ગળદાપાટુનો માર મારી બિભત્સ અપશબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ ઉચ્ચારતાં મામલો ગરમાયો હતો. જોધપુર ગામમાં જમીનની અદાવત સંદર્ભે જીવલેણ હુમલો કરનાર સંજયભાઈ ડામોર, જગદીશભાઈ ડામોર, જીવાભાઈ ડામોર, ભાવનાબેન ડામોર, જમનાબેન ડામોર વિરૂધ્ધ લક્ષ્મણભાઈ ડામોરએ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસએ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# વીવીપેટમાં નોંધાયેલ મતોની ગણતરી ફરી કરવામાં આવે તેવી માંગણી નહી કારાય તો ભૂખ હડતાલ

ગુજરાતમાં તાજેતરમાં યોજાયેલ બે તબક્કાની ચુંટણીમાં ઈવીએમ મશીન દ્વારા થયેલી મતદાનની ગણતરી ૧૮-૧૨-૧૭ના રોજ થઈ હતી. જેમાં મતદાનની ચુંટણી પ્રક્રિયા દરમિયાન કેટલીક બેઠકો પર ઈવીએમ ખોટકાઈ જવાની અને ટેકનીકલ ખામીઓની ફરિયાદો ઉઠવા પામી હતી તેમજ મતગણતરીમાં ગેરરીતી આચરવામાં આવી હોય તેવી ચર્ચાઓ અને ફરિયાદો ઉદ્ભવી છે જે મામલે તા.૨૯-૧૨-૧૭ના શુક્રવારથી મહેસાણાનો નાગરિક ફુવારા પાસે આમરણાંત ઉપવાસ પર બેસવાનો નિર્ણય કર્યો છે અને વીવીપેટમાં નોંધાયેલ મતોની ગણતરી કરી ફેર ગણતરી કરવામાં આવે તેવી માંગણી કરી છે.

મહેસાણાના આ યુવાને હવે મતદાનમાં ગેરરીતીની માંગ સાથે આંદોલન કરવાનું મન બનાવી લીધુ છે. મહેસાણાની સાંઈકૃપા હોસ્પિટલ પાસે આવેલ અસ્મિતા એવન્યુ ૨૦૨, રાધનપુર રોડ મહેસાણાના આ રહીશ આશિષકુમાર કાન્તીલાલ પટેલે આજે તા.૨૨-૧૨-૧૭ના રોજ કલેક્ટર, ડીએસપી અને મામલતદાર મહેસાણાને લેખિત આવેદનપત્ર આપી તા.૨૯-૧૨-૨૦૧૭થી આમરણાંત ઉપવાસ પર બેસવા રજૂઆત કરી છે. બે તબક્કાની ચુંટણીમાં ૧૮૨ બેઠકો પર મતદાન વખતે કેટલીક બેઠકો પર ઈવીએમ મશીન ખોટકાઈ જવાની ફરિયાદો ઉઠી છે. તેમજ ૧૮-૧૨-૧૭ની મતગણતરીમાં કેટલીક બેઠકો પર જાણીબુઝીને અથવા તો ટેકનીકલ રીતે ગેરરીતી આચરવામાં આવી હોય તેવી ચર્ચાઓ, ફરિયાદો ઉદ્ભવી જે કારણોસર મતગણતરીમાં શંકા ઉપજાવતી હોવાથી મતદારોને પોતાની પસંદગીના ઉમેદવારો મળ્યા નથી તેવો આક્રોશ પ્રજામાં છે.

જેથી પ્રામાણિક મતદાન અને મતગણતરી માટે ઈવીએમ મશીન સાથે જોડવામાં આવેલ વીવીપેટમાં નોંધાયેલ મતોની ગણતરી કરી ફેર ગણતરી કરવામાં આવે તેવી માંગણી કરી છે. જો યોગ્ય પગલાં લેવામાં નહી આવે તો તા.૨૯-૧૨-૧૭થી સવારે ૧૦:૦૦ કલાકે મહેસાણા શહેરના ફુવારા પાસે આંબેડકર જી ની પ્રતિમા પાસે આમરણાંત ઉપવાસ પર બેસવાનો નિર્ણય કર્યો છે. જે અંગે લેખિત માં જાણ પણ કરવામાં આવી છે. આશિષકુમાર પટેલ ઉપવાસ કરનાર એ જણાવ્યું હતું.




**મોડાસાની પાવનસીટી સોસાયટીમાં ભાગવત જ્ઞાનયજ્ઞનું આયોજન**

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરના મેઘરજ રોડ પર આવેલી પાવનસીટીના આંગણે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન સંવત ૨૦૭૪ પોષ સુદ એકમ ને ૧૯-૧૨-૨૦૧૭ના રોજ પ્રારંભ થયો હતો. વ્યાસ પીઠ પર બિરાજમાન વક્તા શાસ્ત્રી વિષ્ણુપ્રસાદ દ્વારા ભાવિ ભક્તોને શિવલીલા, કૃષ્ણ લીલા તથા ભવન દ્વારા રચાયેલી અન્ય લીલાઓનું રસપાન કરાવવામાં આવે છે. મોડાસા શહેર સહીત પાવનસીટીમાં રહેતા ભક્તજનો મોટી સંખ્યામાં જ્ઞાનયજ્ઞમાં ઉમટી પડે છે.

# પ્રિ.ડો. અજય પટેલની આર્ટ્સ ફેકલ્ટીના ડીન પદે નિયુક્ત

અરવલ્લી જિલ્લાની અગ્રેસર કોલેજો પૈકીની આર્ટ્સ કોલેજ, શામળાજી વણથંભી પ્રગતિ કરી રહી છે. તાજેતરમાં જ કર્મઠ, કાર્યદક્ષ, વિદ્યાર્થીહિતરત એવા ડો. અજય પટેલ



કે જેઓ છેલ્લા ચૌદ વર્ષથી આ વિસ્તારની કૉલેજની પ્રગતિના પર્યાય બન્યા છે, એટલું જ નહિં વિવિધ દેશો જેવા કે મોરેશીસ, શ્રીલંકા, ઉજબેકિસ્તાન, રશિયા, ફ્રાન્સ, સ્વિત્ઝરલેન્ડ અને જર્મની જેવા દેશોમાં શૈક્ષણિક પ્રવાસ કરીને સ્વકીય સંશોધન દ્વારા પોતાની પ્રતિભાને સાચા અર્થમાં યુનિવર્સલ બનાવી છે. ત્યારે ઉ.ગુજ. યુનિવર્સિટીએ તેમની પ્રતિભાને પોંખીને આજ વર્ષમાં અનુક્રમે બોર્ડ ઓફ સ્ટડીમાં ચેરમેન પદે, યુનિ. પ્રિન્સીપાલ દરજ્જાના સેનેટ સભ્યપદે અને હમણાં જ કુલપતિશ્રીએ આર્ટ્સ ફેકલ્ટીના ડીન તરીકે તેમની પસંદગી કરીને તેમની નિષ્ઠા, પ્રામાણિકતા, વિદ્યાર્થીપ્રિયતા-લોકચાહનાને સાચા અર્થમાં સ્વિકૃતિ આપી છે. જે બદલ શામળાજી પ્રદેશ કેળવણી મંડળના મંત્રી દિલીપભાઈ કટારાએ આ ત્રિવિધ સિધ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા છે.




**ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા ધ્વારા બેટી બચાવો બેટી વધાવો અભિયાન**

ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા ધ્વારા બેટી બચાવો બેટી વધાવો અભિયાન અંતર્ગત સુકા મેવાની કીટનું વિતરણ અવિરતપણે કરાતાં આનંદની લાગણી પ્રસરી છે. મુનાઈ પ્રાથમીક આરોગ્ય કેન્દ્રમાં ગર્ભવતી મહિલાને પુત્રીનો જન્મ થાય ત્યારે ભારત વિકાસ પરીષદ ભિલોડા શાખા ધ્વારા સુકા મેવાની કીટનું વિતરણ દરેક મહિલાને કરવામાં આવે છે. સુકામેવાની કીટ વર્ષ-૨૦૧૭ જાન્યુઆરી માસથી આજ દિન સુધીમાં ૩૧ કીટોનું વિતરણ ભારત વિકાસ પરીષદ ભિલોડા શાખા ધ્વારા કરવામાં આવ્યું હતું.

# મોડાસા શહેર સહીત અરવલ્લી જિલ્લામાં નાતાલ પર્વની ઉજવણીની તાડામાર તૈયારીઓ

## જિલ્લાના ચર્ચો રંગરોગાન અને રોશનીથી ઝળહળી ઉઠી

મોડાસા, તા. ૨૩

શાંતિનો સંદેશો આપનાર ભગવાન ઈશુ ખ્રિસ્તના જન્મદિન નાતાલ આડે ગણતરીના કલાકો બાકી રહ્યા હોય મોડાસા શહેર સહીત અરવલ્લી જિલ્લામાં ખ્રિસ્તી સમાજ દ્વારા નાતાલ તેમજ પ્રારંભ થતા નવા વર્ષની ઉજવણીની તાડામાર તૈયારીઓ શરુ કરી દેવામાં આવી છે.

નાતાલ અને વિદાય લેતા વર્ષના અંતિમ દિવસ થર્ટી ફર્સ્ટને આડે ગણતરીના કલાકો બાકી રહ્યા છે અને નવા વર્ષ ઉજવણી કરવા મોડાસામાં ક્રિશ્યન સમાજના લોકો દ્વારા પોતાના મકાનોને રંગરોગાન તેમજ રંગબેરંગી રોશનીથી શણગારવા ઉપરાંત ગિફ્ટ કેક ચોકલેટ સહીત વિવિધ ચીજવસ્તુઓની ખરીદી કરવામાં વ્યસ્ત બન્યા છે તેમજ જિલ્લામાં આવેલા ચર્ચોને રંગરોગાન કરી રોશનીથી શણગારવામાં આવી રહ્યા છે. નાતાલની ઉજવણી માટે મોડાસાના બજારોમાં સ્ટાર તોરણ ગ્રીટિંગ્સ જેવી ચીજો બજારોમાં મોટા પ્રમાણમાં ખડકલો જોવા મળી રહ્યો છે.

નાતાલ સાથે વિદાય લેતા વર્ષના અંતિમ દિવસ થર્ટી ફર્સ્ટ ડિસેમ્બરની ઉજવણી શહેરના યુવાધન માટે એક ઉત્સાહ બની ગયો હોય તેમ ઉજવણી માટે આયોજનો શરૂ થઈ ગયા છે. નાતાલના દિવસો દરમિયાન અને થર્ટી ફર્સ્ટની રાત્રે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે જિલ્લા પોલિસ તંત્રને પરેડ કરવી પડશે.



# ધાનેરા નગરપાલિકાએ અધૂરા અને પૂરમાં ડેમેજ શોપિંગની હરાજીની જાહેરાત

ધાનેરા, તા. ૨૩

ધાનેરામાં ૭ વર્ષ પહેલા નગરપાલિકા દ્વારા ગરીબ વેપારીઓની રોજી રોટીઓ છીનવી શોપિંગ બનાવવામાં આવ્યું હતું. ત્યારે વેપારીઓ ધ્વારા હાઈકોર્ટનો સહારો લેતા શોપિંગ બંધ હાલતમાં પડ્યુ હતું. પરંતુ ટૂંક સમયમાં ફરીથી નગરપાલિકાની ચૂંટણી આવી રહી છે તે માટે પાલિકાના સત્તાધીશો ધ્વારા આ અધૂરા અને પૂરમાં ડેમેજ થયેલા શોપિંગની હરાજીની જાહેરાત કરતા ગરીબ વેપારીઓમાં ભારે નારાજગી જોવા મળી રહી છે અને જો શોપિંગ હરાજી કરવામાં આવશે તો તે વેપારીઓએ આત્મવિલોપનની પણ ચીમકી ઉચ્ચારી હતી.

૨૦૧૦ માં ધાનેરા નગરપાલિકા દ્વારા દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વેપારીઓ નિરાધાર બન્યા હતા અને તેમની રોજી રોટી છીનવાઈ હતી. તે બાદ વેપારીઓ ધ્વારા હાઈકોર્ટના દ્વાર ખખડાવતા પાલિકાની ઉંઘ હરામ થઈ ગઈ હતી. તે બાદ પાલિકા દ્વારા જે ગયા ઉપરથી દબાણ હટાવ્યું હતું તે જગ્યા ઉપર એક મોટું શોપિંગ સેન્ટર બનાવ્યું હતું અને વેપારીઓને દિલાસો આપ્યો હતો કે આ શોપિંગમાં વેપારીઓને દુકાન આપવામાં આવશે. પરંતુ આ વાત છેલ્લા ૭ વર્ષથી ચાલી રહી હતી, પરંતુ એક પણ વેપારીને દુકાન આપવામાં ન આવતા વેપારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ત્યારે હવે ટૂંક જ સમયમાં નગરપાલિકાની ચૂંટણી આવી રહી છે ત્યારે પાલિકા દ્વારા આ શોપિંગની હરાજીની જાહેરાત કરવામાં આવી છે. પરંતુ આ જાહેરાતમાં વેપારીઓનો સમાવેશ ન થતા વેપારીઓમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

ધાનેરામાં શોપિંગની હરાજીને લઈ ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે અને જો આ હરાજી ધાનેરા નગર પાલિકામાં ભાજપની હાર માટેનું કારણ બને તો પણ કોઈ નવાઈની વાત કહેવાતી નથી. ધાનેરામાં વેપારી દ્વારા ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે કે જો અમને દુકાન ન મળી તો અમે ભારે આંદોલન કરશું. ધાનેરા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ બળવંતભાઈ બારોટે જણાવ્યું હતું કે જ્યારે પણ આ શોપિંગ બાવવામાં આવ્યું ત્યારે ૩૦ ટકા દુકાન દબાણદારોને અનામત આપવાનું નક્કી કર્યું હતું પરંતુ પાલિકાના ચાલુ શત્તાધિશો દ્વારા ૯૮ દબાણદારોની ખોટી યાદી તૈયાર કરી પોતાના મળતીયાઓને દુકાન આપવા માટે હરાજી હાથ ધરી છે.

પાલિકાના શત્તાધિશો ચૂંટણી આવે ત્યારે કાવાદાવા શરુ કરે છે અને આ શોપિંગ હરાજી માટે જે જાહેર કરવામાં આવી છે તે શોપિંગની કોર્ટ મેટર ચાલુ છે અને કોર્ટ મેટર ચાલુ છે તેવો જાહેરાતમાં કોઈ ઉલ્લેખ કરવામાં નથી આવ્યો માટે જે લોકોએ હરાજીમાં ભાગ લીધો અને દુકાન લીધી પછી કોર્ટનો ચુકાદો આવ્યો તો જે તે વ્યક્તિએ ભરેલા પૈસા નું શું ?

ધાનેરા નગરપાલિકાના કેટલાક સદસ્યોને પણ વિશ્વાસમાં લીધા વગર આ નિર્ણય લેવામાં આવ્યો છે અને પાલિકાના કેટલાક સદસ્યોને તો ખબર પણ નથી કે હરાજીમાં શું રકમ નક્કી કરવામાં આવી છે અને પાલિકાના શત્તાધીશોએ એક તરફી નિર્ણય લઈ આ હરાજી હાથ ધરી છે.

પાલિકાના પૂર્વ પ્રમુખે વધુમાં એ પણ જણાવ્યું હતું કે શોપિંગનું કામ હજુ સુધી પૂર્ણ થયું નથી અને શોપિંગ પૂરમાં ડેમેજ થયેલ છે છતાં પણ આ લોકો હરાજી કરી રહ્યા છે જ્યારે આ શોપિંગનું કામ પૂર્ણ કાર્ય બાદ જ શોપિંગની હરાજી કરવામાં આવે તો જ સાચી હરાજી કહેવાય. વધુમાં એ પણ જણાવ્યું હતું અત્યારના પાલિકાના શત્તાધીશોના મનમાં ભય છે કે અમે લોકો આવનારી નગરપાલિકાની ચૂંટણી હારી જઈશું અને તે માટે આ શોપિંગની તાત્કાલિક હરાજી કરી મોટો ભ્રસ્ટાચાર આચરવા માંગે છે ધાનેરા નગરપાલિકા દ્વારા હાથ ધરાયેલી અધૂરા અને પૂરમાં ડેમેજ શોપિંગની હરાજી શું યોગ્ય ગણાય તે એક પ્રશ્ન ઉઠવા પામ્યો છે.



**પાલનપુરની વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત શાળાઓમાં નાતાલ પર્વની ઉજવણી કરાઈ**

શાળાના બાળકો પણ વિવિધ તહેવારોથી અભિભૂત થાય તે માટે અવારનવાર વિવિધ શૈક્ષણિક સંકુલોમાં વિવિધ તહેવારોની ઉજવણી કરાતી હોય છે ત્યારે આગામી દિવસોમાં ભગવાન ઈસુ ખ્રિસ્તના નાતાલ પર્વની ઉજવણી છે. જેના ભાગરૂપે પાલનપુર સ્થિત વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત જૈન શિશુશાળા અને અર્લી ચાઈલ્ડહુડ એજ્યુકેશન કેમ્પસ ખાતે ક્રિસ્મસ ડે ઉજવણી કરવામાં હતી. આ પ્રસંગે શાળાના નાના ભુલકાંઓએ શાંતાક્લોઝ અને પરીની વેશભૂષમાં સજ્જ બનીને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરી પોતાનામાં રહેલી સુષુપ્ત શક્તિઓને ખીલવી શાળા પરિવાર સહિત ઉપસ્થિત સૌ કોઈને મંત્રમુગ્ધ કર્યા હતા.જયારે આ સમગ્ર કાર્યક્રમમાં શાળાના શિક્ષિકા પણ શાંતાક્લોઝ બનીને બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો.

## હિંમતનગરના બગીચા વિસ્તારમાંથી બાઈક ચોરાયુ

હિંમતનગરના બગીચા વિસ્તારમાંથી અઢી માસ અગાઉ અજાણ્યો શખ્સ ૨૦ હજારનું બાઈક ચોરી કરીને ભાગી ગયો હતો. જે અંગેની ફરીયાદ શુક્રવારે હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવાઈ હતી.

આ અંગે બગીચા વિસ્તારમાં રહેતા સુબ્રતો જગબંધુ સરકારના જણાવ્યા મુજબ ગત તા. ૧૨-૧૦-૨૦૧૭ના રોજ બપોરના સુમારે તેમના ભાડાના મકાન આગળ પાર્ક કરેલ બાઈક નં. જીજે.૦૯.સીઈ.૩૨૬૧ કે જેની કિંમત રૂ. ૨૦ હજાર થવા જાય છે તેને અજાણ્યો શખ્સ ચોરી કરીને ભાગી ગયો હતો. જે અંગે તપાસ કરવા છતાં કોઈ પત્તો ન મળતા આખરે સુબ્રતો જગબંધુ સરકારે અઢી માસ બાદ અજાણ્યા શખ્સ વિરૂદ્ધ હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં બાઈક ચોરાયાની ફરીયાદ નોંધાવી હતી.

# રાજપુર રોડ પર ટ્રેક્ટર અને રીક્ષા વચ્ચે અકસ્માત થતા યુવાનનુ મોત

હિંમતનગર, તા. ૨૩

હિંમતનગર તાલુકાના રાજપુરથી હાંસલપુર જતા રોડ પર આવેલ પૃથ્વીપુરા વળાંક પાસે થોડા દિવસ અગાઉ ટ્રેક્ટર અને રીક્ષા વચ્ચે અકસ્માત થતા નવા ગામના એક યુવાનનુ મોત નિપજ્યુ હતુ. જે અંગેની ફરીયાદ શુક્રવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે નવા ગામના ચંદુસિંહ વરવુસિંહ મકવાણાએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૧૭ ડિસેમ્બરના રોજ સાંજના સુમારે હાંસલપુરથી રાજપુર જતા રોડ પર આવેલ પૃથ્વીપુરા વળાંકમાંથી સીએનજી રીક્ષા પસાર થઈ રહી હતી ત્યારે સામેથી આવતા ટ્રેક્ટર નં. જીજે.૦૯.ઈ.૯૯૬૯ના અજાણ્યા ચાલકે ગફલતભરી રીતે ટ્રેક્ટર હંકારીને સીએનજી રીક્ષાને ટક્કર મારી હતી. જેના કારણે રીક્ષામાં બેઠેલ સંજયસિંહ ચંદુસિંહ મકવાણા (ઉં.વ.૧૮)ને ગંભીર ઈજા થતા તેમનુ મોત નિપજ્યુ હતુ. જોકે રીક્ષામાં બેઠેલ અન્ય મુસાફરોને પણ ઈજા થઈ હતી. અકસ્માત કરીને ટ્રેક્ટરનો ચાલક ભાગી ગયો હતો. જેથી ચંદુસિંહ મકવાણાએ અજાણ્યા ટ્રેક્ટરના ચાલક વિરૂદ્ધ શુક્રવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસસ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.